Australian Government
Department of Social Services

# દહેજ સંબંધિત અત્યાચાર

## દહેજ-સંબંધિત હિંસા અથવા સતામણી એ ઘરેલુ અને પારિવારિક હિંસાનું સ્વરૂપ છે.

વિવિધ દેશો અને સંસ્કૃતિઓમાં દહેજની પ્રથાઓ જુદીજુદી હોઈ શકે છે.

'દહેજ' એક એવી પ્રથા છે જેનો સંબંધ પૈસા, મિલકત અથવા ભેટ-સોગાદો સાથે હોય છે કે જે લાક્ષણિક રીતે મહિલાનો પરિવાર લગ્ન પછી તેના પતિને ટ્રાન્સફર કરે છે. દહેજનો ઉપયોગ પોતે અત્યાચારનું સ્વરૂપ નથી.

લગ્ન પહેલાં, દરમિયાન અથવા પછી કોઈ પણ સમયે દહેજ આપવા કે લેવા સાથે સંકળાયેલું બળજબરી, હિંસા કે સતામણીનું કોઈ કૃત્ય અત્યાચારનું સ્વરૂપ છે. દહેજ સંબંધિત અત્યાચારમાં સામાન્ય રીતે દહેજ આપવામાં આવ્યું ન હતું એવા દાવા અને મહિલા અને તેના વિસ્તૃત પરિવાર પાસેથી વધુ પૈસા કે ભેટ-સોગાદો માટે બળજબરીપૂર્વકની માંગણીઓ સામેલ હોય છે.

ઑસ્ટ્રેલિયામાં ઘરેલુ અને પારિવારિક હિંસા આચરવી એ કાનૂની ગુનો છે. આવા ગુના કરનાર વ્યક્તિ, સ્ત્રી હોય કે પુરુષ, તેને જેલની સજા થઈ શકે છે.

જો તમે કે તમારી ઓળખીતી વ્યક્તિ જોખમમાં હોય તો **000** પર પોલીસને ફોન કરો.

ઑસ્ટ્રેલિયામાં પોલીસ પાસે જવું સલામત છે અને તેમના પર વિશ્વાસ કરી શકાય છે.

મફત અને ખાનગી સલાહ અને માહિતી માટે 1800RESPECT ને **1800 737 732** પર ફોન કરો.

જો તમારે મફત દુભાષિયા સેવાની જરૂર હોય તો **131 450** પર ફોન કરો.

## ઑસ્ટ્રેલિયાની સરકાર કોઈ પણ સંજોગોમાં દહેજ સંબંધિત હિંસા અથવા સતામણી ચલાવી લેતી નથી.

ઑસ્ટ્રેલિયાની સરકાર દહેજ સંબંધિત હિંસા અને સતામણી સહિતના પારિવારિક હિંસાના મુદ્દાને ખૂબ ગંભીરતાથી લે છે. બધા ઑસ્ટ્રેલિયનોને, હિંસા, ડર કે બળજબરી વગર જીવવાનો હક છે, પછી ભલે તેમની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રથાઓ અને માન્યતાઓ ગમે તે હોય.

દહેજ સંબંધિત હિંસા અને સતામણીમાં જે તે સાથી અથવા તેમના પરિવારને બીક બતાવીને અથવા તેમની સલામતી માટે જોખમ ઊભું કરીને તેમને કાબૂમાં રાખવાના હેતુથી કરવામાં આવતાં વર્તન કે અપાતી ધમકીઓનો સમાવેશ થાય છે.

## જો તમે વિઝા પર હો, તો પણ તમને મદદ મળી શકે છે.

સાથી, કુટુંબના સભ્યો કે સમાજની બીજી કોઈ પણ વ્યક્તિ તમારા વિઝાના દરજ્જાને જોખમમાં મૂકી શકે નહીં.

જો તમે ટેમ્પરરી પાર્ટનર વિઝા (સબક્લાસ 309 કે 820) પર અથવા પ્રોસ્પેક્ટીવ મેરેજ વિઝા (સબક્લાસ 300) પર હો અને દહેજ સંબંધિત પારિવારિક હિંસાનો અનુભવ કરો તો તમારા પરમેનન્ટ પાર્ટનર વિઝા (સબક્લાસ 100 કે 801) ની અરજી ચાલુ રાખવાની વ્યવસ્થા માટે ઑસ્ટ્રેલિયાના માઇગ્રેશન કાયદાઓમાં પારિવારિક હિંસાને લગતી જોગવાઈઓ છે.

## દહેજનો ઉપયોગ કોઈને બળજબરીથી લગ્ન કરાવવા માટે થઈ શકે નહીં.

જો દહેજનો ઉપયોગ કોઈ વ્યક્તિને બળજબરીથી લગ્ન કરાવવાના ઉપાય તરીકે કરવામાં આવ્યો હોય, તો આ બળજબરીપૂર્વકનાં લગ્ન હોઈ શકે.

ઑસ્ટ્રેલિયામાં દરેક વ્યક્તિને લગ્ન કરવાં કે નહીં, કોની સાથે, અને ક્યારે લગ્ન કરવાં તે નક્કી કરવાની સ્વતંત્રતા છે. કોઈને લગ્ન માટે બળજબરી કરવી, ધમકી આપવી અથવા છેતરીને લગ્ન કરાવવાં એ ઑસ્ટ્રેલિયાના કાયદાની વિરુદ્ધ છે. જો તમે પીડિત વ્યક્તિ ન હો તો બળજબરીપૂર્વકનાં લગ્નને પ્રોત્સાહન આપવું અથવા તેની વ્યવસ્થા કરવામાં મદદ કરવી, અને બળજબરીપૂર્વકનાં લગ્નના પક્ષકાર હોવું એ પણ કાયદાની વિરુદ્ધ છે. આ કાયદેસર, સાંસ્કૃતિક અને ધાર્મિક લગ્નોને લાગુ પડે છે.

## ઑસ્ટ્રેલિયામાં જે તે સંસ્કૃતિની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને અપાતી સેવાઓ છે જે મદદ કરી શકે છે.

**1800RESPECT** એ જાતીય સતામણી, પારિવારિક અને ઘરેલુ હિંસાનો ભોગ બનેલાઓને સલાહ આપતી ઑસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય સ્તરની સેવા છે (Australia's National Sexual Assault, Family and Domestic Violence Counselling service). તે મફત અને ખાનગી સલાહ અને માહિતી, ફોન પર અને ઓનલાઇન આપી શકે છે. સલાહ આપનાર તમારી વાતો સાંભળે, તમારા પ્રશ્નોના જવાબ આપી શકે અને તમારી નજીકના વિસ્તારમાં ઉપલબ્ધ બીજી મદદ કરતી સેવાઓ તરફ તમને દોરી શકે છે.

**1800 737 732** પર ફોન કરો અથવા **1800RESPECT ની વેબસાઇટ www.1800RESPECT.org.au** પર જાઓ.

**માય બ્લુ સ્કાય (My Blue Sky)** એ બળજબરીપૂર્વકનાં લગ્નના નિવારણ, માહિતી, ભલામણો અને મફત કાયદાકીય સલાહ માટે સમર્પિત ઑસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય વેબસાઇટ અને હેલ્પલાઇન છે.

**(02) 9514 8115** પર ફોન કરો, **0481 070 844** પર ટેક્સ્ટ કરો, **help@mybluesky.org.au** પર ઇમેલ કરો, **અથવા www.mybluesky.org.au** પર **My Blue Sky ની** વેબસાઇટ પર જાઓ.

પારિવારિક હિંસા અને વિઝા, બળજબરીપૂર્વકનાં લગ્ન અને માનવ તસ્કરીની બાબતમાં વધુ માહિતી માટે **www.homeaffairs.gov.au** પર ગૃહ ખાતા **(Department of Home Affairs) ની વેબસાઇટ** પર જાઓ અને "forced marriage (બળજબરીપૂર્વકનાં લગ્ન)" શોધો.

## શું તમારે દુભાષિયાની જરૂર છે?

**131 450** પર **ભાષાંતર અને દુભાષિયા સેવા (Translating and Interpreting Service)** (TIS) માટે ફોન કરો . TISમાંથી દુભાષિયો તમને બીજી સેવાઓ સાથે વાતચીત કરવામાં મદદ કરી શકે છે. જોકે, TIS સલાહ સૂચન કરતી નથી. બધા કૉલ્સ મફત અને ખાનગી હોય છે.